નજરા ટાઉનશીપ ગરનાળા પાસે પ્રદૂષિત પાણીના કારણે હજારો નાગરિકો અને શાળાએ જતા બાળકોનું સ્વાસ્થ્ય જોખમાયું

પરશુરામ ભટ્ઠા વિસ્તારમાં રોગચાળાની ભીતિ

(પ્રતિનિધિ) વડોદરા,તા.14 સંસ્કારી નગરી અને સ્માર્ટ સિટી વડોદરામાં સ્થાનિક વહીવટી તંત્રની ઘોર બેદરકારી ફરી એકવાર સામે આવી છે. શહેરના પરશુરામ ભઠ્ઠા નજીક નજરા ટાઉનશીપ પાસે આવેલા ગરનાળા વિસ્તારમાં હાલ સ્થાનિક રહીશો અને વાહનચાલકો અસહ્ય દુર્ગંધ અને ગંદકીના કારણે ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. ચોંકાવનારી બાબત એ છે કે, વગર વરસાદે પણ આ અંડરબ્રિજના માર્ગ પર વરસાદી કાંસનું અતિશય દુર્ગંધ મારતું ગંદુ પાણી વહી રહ્યું છે, જેના કારણે સમગ્ર વિસ્તારમાં નરકાગાર જેવી સ્થિતિ સર્જાઈ છે. આ અંડરબ્રિજ એક મુખ્ય માર્ગ હોવાથી અહીંથી દૈનિક ધોરણે હજારો નાગરિકો અને વાહનચાલકો પસાર થાય છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, આ માર્ગ પરથી પસાર થવું એટલે ગંભીર રોગચાળાને સીધું આમંત્રણ આપવા બરાબર છે. આ વિસ્તારની આજુબાજુ મોટા પ્રમાણમાં સ્લમ વિસ્તારો આવેલા છે, જ્યાં હજારો ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારો વસવાટ કરે છે. આ દૂષિત પાણી અને અસહ્ય વાસના કારણે આસપાસના લોકોના સ્વાસ્થ્ય સામે મોટું જોખમ ઊભું થયું છે.

સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે કે વડોદરા મહાનગરપાલિકાના શાસકો અને સત્તાધીશો આ ગંભીર જનસમસ્યા અંગે સંપૂર્ણ વાકેફ હોવા છતાં જાણે મૌન સેવીને બેઠા છે. તંત્ર કોઈ મોટી હોનારત કે ભયંકર રોગચાળો ફાટી નીકળે તેની રાહ જોઈ રહ્યું હોય તેવી પરિસ્થિતિ નિર્માણ પામી છે. સ્થાનિક રહીશો અને વડીલોએ પોતાનો આક્રોશ ઠાલવતા જણાવ્યું હતું કે, આ રોડ પરથી દરરોજ નાના-નાના શાળાએ જતા બાળકો પસાર થાય છે. રસ્તા પર ભરાતા ગંદા પાણીના કારણે બાળકો લપસી પડે કે કોઈ મોટી દુર્ઘટના સર્જાય તેવી ભીતિ સતત સતાવી રહી છે. આ સમસ્યા લાંબા સમયથી પ્રવર્તી રહી છે, પરંતુ પાલિકા દ્વારા કોઈ નક્કર પગલાં લેવાયા નથી. સ્માર્ટ સિટીના નામે ટેક્સ વસૂલતું તંત્ર આ બાબતે વહેલી તકે જાગીને યોગ્ય વહીવટી કામગીરી કરે અને આ પ્રદૂષિત પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ લાવે તેવી લોકમાંગ પ્રબળ બની છે.

ઓવરસ્પીડિંગના કારણે અકસ્માત સર્જાયાની ચર્ચા

કારની ટક્કરે MSUના ત્રણ વિદ્યાર્થી ગંભીર રીતે ઈજાગ્રસ્ત,ચાલક ફરાર

બોયઝ હોસ્ટેલના ઈજાગ્રસ્ત ત્રણ વિદ્યાર્થીને એસેસજીમાં ખસેડાયા,પોલીસે તપાસ હાથ ધરી



(પ્રતિનિધિ) વડોદરા,તા.14 વડોદરાનશહેરમાં ફરી એક વખત હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. અમિતનગરથી એલએન્ડટી તરફ જવાના માર્ગ પર વીઆઈપી રોડ પર મોડી રાત્રે એક કારે બેકાબૂ બનીને બાઈકને અડફેટે લેતા એમએસયુ બોયઝ હોસ્ટેલના ત્રણ યુવકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. ટક્કર માર્યા બાદ કારચાલક ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો. વડોદરાના કારેલીબાગ વીઆઈપી રોડ પર એક કાર અચાનક બેકાબૂ બની હતી અને સામેથી આવી રહેલી બાઈકને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં એમ.એસ. યુનિવર્સિટીના બોયઝ હોસ્ટેલના એમ વી હોલ ખાતે રહેતા હિતુ રાજ, મિહિર પટેલ અને સુજલ ચૌહાણ કારની જોરદાર ટક્કરને કારણે રસ્તા પર ફંગોળાયા હતા અને તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતને પગલે ઘટના સ્થળે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. સ્થાનિકોએ તાત્કાલિક 108 એમ્બ્યુલન્સની મદથી બંને ઈજાગ્રસ્ત યુવકોને સારવાર માટે સયાજી હોસ્પિટલ ખસેડ્યા હતા. હાલ બંનેની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માત સર્જીને કારચાલક સ્થળ પરથી કાર લઈને ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને આસપાસના સીસીટીવી ફૂટેજ ચેક કરીને કાર અને ચાલકની શોધખોળ શરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં ઓવરસ્પીડિંગના કારણે અકસ્માત સર્જાયો હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. બનાવને પગલે હરણી પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

તરસાલી બ્રિજ નીચે અકસ્માતનો સિલસિલો

આઈસરના ચાલકે બે બાઈકને અડફેટે લીધા, બે યુવાન ઘાયલ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૪ વડોદરા શહેરમાં માર્ગ અકસ્માતોની વણજાર યથાવત છે. આજે વધુ એક ગંભીર અકસ્માત તરસાલી બ્રિજ નીચે સર્જાયો હતો, જેમાં બેફામ ઝડપે દોડી રહેલા એક આઈસર ટેમ્પાના ચાલકે બે બાઈક સવારને જોરદાર ટક્કર મારી હતી. આ ઘટનામાં બંને બાઈક સવારને ઈજાઓ પહોંચતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, બ્રિજ નીચેથી પસાર થઈ રહેલા આઈસર ચાલકે પોતાની ગફલતભરી ડ્રાઈવિંગને કારણે બાઈક પર જઈ રહેલા સવારોને અડફેટે લીધા હતા. ટક્કર એટલી ભયાનક હતી કે બાઈક સવારોને પછાડ્યા બાદ આઈસર ચાલક તેમને થોડે દૂર સુધી રસ્તા પર ઘસેડી ગયો હતો. આ દ્રશ્ય જોઈને આસપાસના લોકો સ્તબ્ધ થઈ ગયા હતા. અકસ્માતની જાણ થતા જ આસપાસના લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી. ગંભીર રીતે ઘાયલ થયેલા બંને બાઈક સવારોને પ્રાથમિક સારવાર આપીને વધુ સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ઘટનાની ગંભીરતાને જોતા સ્થાનિક પોલીસ પણ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે આઈસર ચાલક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને સમગ્ર મામલે ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે. શહેરમાં સતત બની રહેલા અકસ્માતોને લઈને વાહનચાલકોની બેફામ ગતિ સામે લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

ડિગ્રી એન્જિનિયરિંગના બીજા રાઉન્ડમાં 30,541 બેઠકોની ફાળવણી

અમદાવાદઃ પ્રવેશ સમિતિ દ્વારા શૈક્ષણિક વર્ષ 2026-27 માટે પ્રથમ વર્ષ ડિગ્રી એન્જિનિયરિંગ અભ્યાસક્રમના પ્રવેશ માટે બીજા રાઉન્ડમાં કુલ 30,541 વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો છે. સરકારી અને અનુદાનિત સંસ્થાઓની તમામ બેઠકો ભરાઈ ગઈ છે, જ્યારે સ્વનિર્ભર સંસ્થાઓમાં હજુ પણ મોટી સંખ્યામાં બેઠકો ખાલી રહી છે. પ્રવેશ સમિતિના જણાવ્યા પ્રમાણે બીજા રાઉન્ડ અગાઉ કુલ 47,360 વિદ્યાર્થીઓનો મેરિટમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાંથી 28,737 વિદ્યાર્થીઓએ પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લીધો હતો. આ ઉપરાંત અગાઉના રાઉન્ડમાં પ્રવેશ મેળવનારા અને અપગ્રેડ થયેલા વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખતાં કુલ 30,541 વિદ્યાર્થીઓને બીજા રાઉન્ડમાં બેઠક ફાળવવામાં આવી છે. 121 સ્વનિર્ભર (સેલ્ફ-ફાઇનાન્સ) સંસ્થાઓમાં કુલ 48,576 બેઠકો સામે માત્ર 17,549 બેઠકો પર જ પ્રવેશ ફાળવાયો છે.

સ્થાનિક તંત્રની લાપરવાહી સામે લોકોમાં રોષ

આજોડમાં આખલાઓનો આતંક, યોગેશ્વરનગરના રહીશોમાં ફફડાટ

વહેલી સવારે દૂધ લેવા નીકળતા અને બાળકોને શાળાએ જતા જીવનું જોખમ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૪ વડોદરા શહેરના છેવાડે આવેલા આજોડ ગામના યોગેશ્વર નગર સોસાયટીમાં છેલ્લા કેટલાક સમયથી રખડતા આખલાઓ અને ગાયોના ઝુંડનો આતંક વધી ગયો છે. સોસાયટીની બહાર જ અડ્ડો જમાવીને બેસતા આખલાઓને કારણે સ્થાનિક રહીશો, ખાસ કરીને મહિલાઓ, બાળકો અને વયસ્ક નાગરિકો માટે ઘરની બહાર નીકળવું પણ દુષ્કર બની ગયું છે. યોગેશ્વર નગરના રહેવાસીઓના જણાવ્યા અનુસાર, સોસાયટીના મુખ્ય પ્રવેશદ્વાર પાસે અને આસપાસના જાહેર રસ્તાઓ પર હંમેશા ૫ થી ૭ આખલાઓનું ટોળું અડીંગો જમાવીને બેઠું હોય છે. આખલાઓ અવારનવાર એકબીજા સાથે લડાઈ કરે છે, જેના કારણે રાહદારીઓને ગંભીર ઈજાઓ થવાનો ભય રહે છે. સવારના સમયે દૂધ અને શાકભાજી લેવા નીકળતા લોકોએ જીવ બચાવવા રસ્તો બદલવો પડે છે. સવારે શાળાએ જતા બાળકોને વાલીઓ સાથે મોકલવા પડે છે, તેમ છતાં પણ ક્યારે આખલાઓ હુમલો કરે તેનો ડર સતત સતાવે છે. ટુ-વ્હીલર ચાલકો માટે તો આ માર્ગ પરથી પસાર થવું 'મૃત્યુને આમંત્રણ' આપવા જેવું બન્યું છે. રહીશોએ તંત્ર પાસે માંગ કરી છે કે તાત્કાલિક ધોરણે આ વિસ્તારમાંથી રખડતા પશુઓને દૂર કરી પાંજરાપોળમાં ખસેડવામાં આવે અને જે પશુપાલકો પોતાના ઢોર રસ્તા પર ખુલ્લા મૂકે છે, તેમની સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે.

હાથ પકડી બાથ ભીડી શારીરિક અડપલાં કર્યા

યુવતીની એકલતાનો લાભ લેવા પડોશી આધેડે દાનત બગાડી

(પ્રતિનિધિ) વડોદરા,તા.14 દીકરીઓ માટે સૌથી સુરક્ષિત મનાતું પોતાનું ઘર જ અસુરક્ષિત બની ગયુ હોય તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. વારંવાર સગીરાઓ અને યુવતીઓની એકલતાનો લાભ લઈને તેમની સાથે છેડતી અને દુષ્કર્મ જેવી ઘટનાઓ બની રહી છે ત્યારે વધુ એક ચોકાવનારી ઘટના પાદરા તાલુકાના એક ગામમાં પ્રકાશમાં આવી છે. જ્યાં પડોશમાં રહેતા 56 વર્ષીય આધેડે ઘરે એકલી રહેલી 19 વર્ષીય યુવતીના ઘરમાં ઘૂસીને તેની સાથે શારીરિક અડપલાં કર્યા હતા.

યુવતીની માતા અચાનક ઘરે પહોંચી જતાં આરોપીનો ભાંડો ફૂટી ગયો હતો. તાજેતરમાં જ છાણી વિસ્તારમાં ઘરમાં એકલી આઠ વર્ષની માસુમ બાળકીને 55 વર્ષના આધેડે પોતાની હવસનો શિકાર બનાવી હતી ત્યારે વધુ એક ચોંકાવનારી ઘટના પાદરા તાલુકાના એક ગામમાં બની છે, આ ઘટનાએ સ્થાનિકોમાં ભારે રોષ અને ચિંતા ફેલાવી છે.

પોલીસ ફરિયાદ મુજબ, યુવતીના માતા-પિતા ઘરેથી બહાર ગયા હતા ત્યારે 19 વર્ષીય યુવતી ઘરે એકલી હતી. આ દરમિયાન પડોશમાં રહેતા વિનુભાઈ છીતાભાઈ રોહિત (ઉંમર 56 વર્ષ) ઘરમાં ઘૂસ્યો અને યુવતીની એકલતાનો લાભ લઈ તેનો હાથ પકડી બાથ ભીડી શારીરિક અડપલાં કર્યા હતા. જેના પગલે યુવતી ગભરાઈ ગઈ હતી. તે દરમિયાન તેની માતા ઘરે આવી જતાં આધેડના કાંડનો ભાંડો ફૂટ્યો હતો.

માતાએ વિરોધ કરતાં આરોપી ત્યાંથી ભાગી છૂટ્યો હોવાનું જાણવા મળ્યું છે. બાદમાં પરિવારે પોલીસનો સંપર્ક કરી સમગ્ર હકીકત જણાવી ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપી સામે ગુનો નોંધી તેની શોધખોળ શરૂ કરી છે.

મુખ્ય પ્રવેશદ્વાર બહાર ધરણા પ્રદર્શન કરતા ધક્કામુક્કીમાં બે વિદ્યાર્થીને ઈજા

કુંઢેલા સેન્ટ્રલ યુનિ.ના વિદ્યાર્થીઓ માટે સુવિધાઓની માગ સાથે ABVPનો વિરોધ

(પ્રતિનિધિ) વડોદરા,તા.14 સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત, કુંઢેલાના વિદ્યાર્થીઓએ કેમ્પસની મૂળભૂત સુવિધાઓને લઈને તંત્ર સમક્ષ રજૂઆત કરી છે. સેન્ટ્રલ યુનિવર્સીટી ઓફ ગુજરાતના વિદ્યાર્થી સંગઠન એબીવીપી દ્વારા યુનિવર્સિટીના ડીન ઓફ સ્ટુડન્ટસ વેલ્ફેરને રજૂઆત કરવામાં આવી હતી. જોકે સમસ્યાનું નિરાકરણ કરવામાં નહીં આવતા વિદ્યાર્થીઓ દ્વારા પ્રવેશ દ્વાર બંધ કરવા સાથે ધરણા પ્રદર્શન કરતા મેનેજમેન્ટ સાથે શાબ્દિક ઘર્ષણ બાદ ધક્કામુક્કી થતા બે વિદ્યાર્થીઓને ઈજા પહોંચી હોવાના પણ વિદ્યાર્થી આગેવાનોએ આક્ષેપ કર્યા હતા. એબીવીપીના વિદ્યાર્થીઓએ જણાવ્યું કે ૩ સ્કોલર્સ અને હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓને ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રોજિંદી સુવિધાઓમાં મુશ્કેલી પડી રહી છે. તેના નિરાકરણ માટે 5 મુખ્ય માંગો રજૂ કરવામાં આવી છે. જેમાં કેમ્પસમાં કટોકટી માટે યુનિવર્સિટીની પોતાની એમ્બ્યુલન્સ અને હેલ્થ સેન્ટરમાં વધુ બેડની માંગ. લાઈબ્રેરી અને સ્ટડી રૂમનો સમય રાત્રે 2 વાગ્યા સુધી વધારવો. વીએલઆરસી લેબ, લેંગ્વેજ લેબ નિયમિત ખુલ્લી રાખવી અને દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે વિશેષ સહાય આપવી. તમામ બ્લોકમાં ટેક્ટાઈલ ટાઈલ્સ, પ્રમાણિત રેમ્પ અને સ્ટ્રીટ લાઈટિંગથી દિવ્યાંગ મિત્ર સુવિધા સુધારવી. આઉટડોર સ્પોર્ટ્સ માટે અલગ મેદાનની વ્યવસ્થા કરવી. રૂમની નિયમિત સફાઈ માટે કડક સમયપત્રક અને હોસ્ટેલમાં પ્રવેશનો સમય રાત્રે 11:30 થી 12 વાગ્યા સુધી વધારવો.

બહારના મહેમાનો માટે સરકારી ઓળખપત્ર અને રજિસ્ટર એન્ટ્રી સાથે સરળ પ્રવેશ નીતિ બનાવવી. એબીવીપીના વિદ્યાર્થીઓએ જણાવ્યું કે આ માંગણીઓથી સીયુજીનું શૈક્ષણિક વાતાવરણ સુધરશે. આ મુદ્દે તંત્ર સાથે શાંતિપૂર્ણ ચર્ચા અને સામૂહિક સુનાવણીની પણ માંગ કરાઇ છે.

પરિવાર કડી ખાતે સામાજિક પ્રસંગે ગયો હતો

સુભાનપુરામાં બંધ મકાનમાંથી ૧.૨૬ લાખ રૂપિયાની ચોરી

સોના-ચાંદીના દાગીના અને રોકડ સહિતના મુદ્દામાલની ચોરી

પડોશીના ફોનથી ઘટનાનો ભાંડો ફૂટ્યો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૪ વડોદરાના સુભાનપુરા વિસ્તારમાં ફરી એકવાર બંધ મકાન તસ્કરોના નિશાને આવ્યું છે. સ્નેહ સ્મૃતિ સોસાયટીમાં પરિવાર બહારગામ ગયો હોવાની તકનો લાભ લઈ અજાણ્યા ચોરોએ ઘરમાં ઘૂસી તિજોરી તોડી સોના-ચાંદીના દાગીના અને રોકડ સહિત રૂ.1.26 લાખની માલમત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. વડોદરા શહેરના સુભાનપુરા વિસ્તારમાં આવેલી સ્નેહ સ્મૃતિ સોસાયટીમાં રહેતા રણજીતસિંહ ધનશ્યામસિંહ રાણા પરિવાર સાથે 12 જુલાઈએ સવારે ગાંધીનગર જિલ્લાના કડી ગામે સાસરીમાં ગયા હતા. દરમિયાન વહેલી સવારે પડોશી સૌરભ પરીખે ફોન કરીને તેમના ઘરના મુખ્ય દરવાજા ખુલ્લા હોવાનું જણાવી ચોરીની શંકા વ્યક્ત કરી હતી. પરિવાર તાત્કાલિક વડોદરા પરત ફરતા ઘરના મુખ્ય દરવાજાનું તાળું તૂટેલું અને અંદરનો સામાન વેરવિખેર હાલતમાં જોવા મળ્યો હતો. તસ્કરોએ તિજોરીનું લોક તોડી બે જોડ સોનાની બુટ્ટી, બે ચાંદીની પાયલ, બે ચાંદીની લક્કી, એક ચાંદીનો કેડ જુલો તેમજ રૂ.12 હજારની રોકડ મળી અંદાજે રૂ.1.26 લાખની માલમત્તા ચોરી કરી ફરાર થઈ ગયા હતા.ઘટનાની જાણ થતાં સુભાનપુરા પોલીસે ગુનો નોંધી આસપાસના સીસીટીવી ફૂટેજ, ફિંગરપ્રિન્ટ સહિતના પુરાવાઓના આધારે અજાણ્યા તસ્કરોને શોધવા તપાસ શરૂ કરી છે.

કપુરાઈ પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીને ઝડપી પાડ્યો

પ્રેમ સંબંધમાં તિરાડ બાદ સગીરાને ફોસલાવીને શારિરીક સંબંધ બાંધ્યા

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૪ વડોદરાના કપુરાઈ વિસ્તારમાં બે વર્ષથી પ્રેમસંબંધમાં રહેલા યુવકે સગીરાને સાથે વારંવાર દુષ્કર્મ ગુજાર્યુ હતું. ઘટનાની જાણ પરિવારને થતાં કપુરાઈ પોલીસ મથકે પોક્સો એક્ટ ફરિયાદ નોંધાવી હતી. જેથી દુષ્કર્મ ગુજારનાર આરોપીની પોલીસે ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે. વડોદરા શહેરના કપુરાઈ પોલીસ મથક હદ વિસ્તારમાં રહેતી એક સગીરા અને યુવક છેલ્લા બે વર્ષથી એકબીજાના સંપર્કમાં હતા અને બંને વચ્ચે પ્રેમસંબંધ હતો. દરમિયાન કોઈ કારણોસર બંને વચ્ચે મતભેદ ઊભા થતાં તેઓ અલગ થઈ ગયા હતા. જોકે બાદમાં યુવકે ફરી સગીરાનો સંપર્ક સાધી તેને વિશ્વાસમાં લઈને પ્રેમજાળમાં ફસાવી હતી. વિશ્વાસમાં લીધા બાદ યુવકે સગીરા સાથે બે વખત શારીરિક સંબંધ બાંધ્યા હતા.

સમગ્ર ઘટનાની જાણ સગીરાના પરિવારને થતાં તેમણે કપુરાઈ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે પોક્સો એક્ટ સહિત સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી આરોપી પ્રફુલ ઉર્ફે પાર્થ જગદીશ બારીયા (રહે. ખટંબા અર્બન રેસિડન્સી, વૈકુંઠ-1 સોસાયટી પાછળ, વાઘોડિયા રોડ, વડોદરા)ની ગણતરીના કલાકોમાં ધરપકડ કરી લીધી હતી. પોલીસે સગીરાનું મેડિકલ કરાવવાની કાર્યવાહી હાથ ધરી છે. સાથે આરોપીનું પણ મેડિકલ કરાવી સગીરાના નિવેદન અને અન્ય પુરાવાના આધારે સમગ્ર મામલે વધુ તપાસ શરૂ કરવામાં આવી છે. આ કેસમાં પોક્સો એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી આગળ ધપાવવામાં આવી રહી છે.

માથા અને ચહેરા પર ચપ્પુના ઘા ઝીંક્યા

બીલ ખાતે ઘરે પરત ફરી રહેલા ખેડૂત પર જીવલેણ હુમલો

(પ્રતિનિધિ) વડોદરા,તા.14 વડોદરા શહેરના બિલ ગામ વિસ્તારમાં ખેત મજૂરી કરીને ઘરે પરત ફરી રહેલા 50 વર્ષીય વ્યક્તિ પર એક શખ્સે અચાનક જીવલેણ હુમલો કર્યો હતો. હુમલાખોરે પાછળથી ફેટ પકડી નીચે પાડી શાકભાજી કાપવાના ચપ્પાથી ગળા, માથા અને ચહેરા પર ઘા ઝીંક્યા હતા. ઈજાગ્રસ્તને 108 એમ્બ્યુલન્સ મારફતે ગોત્રી જનરલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા બાદ અટલાદરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. બિલ ગામના રામદેવ ફળિયામાં મૂળ રહેતા અને છેલ્લા આઠ વર્ષથી જયેશભાઈ પટેલના ખેતરે રહી ખેત મજૂરી કરતા કાળીદાસ મનસુખભાઈ વસાવા (ઉ.વ. 50)એ પોલીસ ફરિયાદ મુજબ 13 જુલાઈ, 2026ના રોજ સાંજે કામ પૂર્ણ કરીને શાકભાજી લેવા બિલ ગામના મઢી વિસ્તારમાં ગયા હતા. શાકભાજી ખરીદી પરત ખેતર તરફ જઈ રહ્યા હતા ત્યારે સાંજે આશરે છ વાગ્યે મઢી ફળિયામાં પાણીની ટાંકી પાછળ મહેશભાઈના ઘર પાસે પહોંચતા મેલસિંગભાઈ ઉર્ફે મેલીયો ભગાભાઈ ઠાકોર અચાનક પાછળથી આવી તેમની ફેટ પકડી બિભત્સ ગાળો બોલી નીચે પાડી દીધા હતા. કારણ પૂછતા આરોપીએ "તને તો મારવાનો છે" કહી કમરના ભાગેથી શાકભાજી કાપવાનું ચપ્પુ કાઢી ગળાના ભાગે દાઢીની નીચે ડાબી બાજુ ઘા માર્યો હતો. ત્યારબાદ માથાની ડાબી બાજુ અને ચહેરા પર પણ ચપ્પાના ઘા ઝીંકતા ફરિયાદી લોહીલુહાણ થઈ ગયા હતા. બૂમાબૂમ સાંભળી નજીકમાં રહેતા મહેશભાઈએ તરત જ 108 એમ્બ્યુલન્સને જાણ કરી હતી. ઈજાગ્રસ્ત કાળીદાસ વસાવાને ગોત્રી જનરલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. પોલીસે મેલસિંગભાઈ ઉર્ફે મેલીયો ભગાભાઈ ઠાકોર વિરુદ્ધ વધુ તપાસ હાથ ધરી છે.

સોટેફિન ભારતનો IPO 16 જુલાઈએ ખુલશે

વડોદરાઃ રોબોટિક અને ઓટોમેટેડ પાર્કિંગ સોલ્યુશન્સ ક્ષેત્રે કાર્યરત સોટેફિન ભારત લિમિટેડનો 89.76 કરોડનો IPO 16 જુલાઈએ ખુલશે અને 20 જુલાઈએ બંધ થશે. કંપની પ્રત્યેક 10નાબે મૂલ્યવાળા 48 લાખ ઈક્વિટી શેર 178થી 187ના પ્રાઇઝ બેન્ડમાં ઓફર કરશે. લઘુત્તમ અરજી માટે બે લોટ એટલે કે 1,200 શેર જરૂરી રહેશે. IPOમાંથી મળનારી ચોખ્ખી રકમનો ઉપયોગ કોલકાતામાં નવી મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી અને નવા ઓફિસ પરિસર માટે મૂડી ખર્ચ, કાર્યકારી મૂડીની જરૂરિયાતો તથા સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવામાં આવશે. એન્કર બિડિંગ 15 જુલાઈએ યોજાશે. ઈશ્યુના બુક રનિંગ લીડ મેનેજર તરીકે ચોઈસ કેપિટલ એડવાઈઝર્સ પ્રાઈવેટ લિમિટેડ અને રજિસ્ટ્રાર તરીકે બિગશેર સર્વિસિસ પ્રાઈવેટ લિમિટેડની નિમણૂક કરવામાં આવી છે. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર અરૂપ ચૌધરીએ જણાવ્યું કે IPO કંપનીની વિકાસયાત્રામાં મહત્વપૂર્ણ સીમાચિહ્ન સાબિત થશે .

ફી પોર્ટલ, હોસ્ટેલ એપ્રુવલ, ગર્લ્સ કોમન રૂમ અને સ્વચ્છતા પ્રશ્ને રજૂઆત

MSU આર્ટસ ફેકલ્ટીમાં વિદ્યાર્થીઓની સમસ્યાઓને લઈને ABVPનો વિરોધ

નિરાકરણ ન આવે તો ઉગ્ર આંદોલનની ચીમકી

(પ્રતિનિધિ) વડોદરા,તા.14 મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની આર્ટસ ફેકલ્ટીમાં વિદ્યાર્થીઓને પડી રહેલી વિવિધ સમસ્યાઓને લઈને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા ફેકલ્ટી ડીનને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. એબીવીપીએ તમામ મુદ્દાઓનું તાત્કાલિક નિરાકરણ લાવવાની માંગ કરી છે. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા ઈન્ટર્નલ માર્ક અને એસેસમેન્ટ પ્રક્રિયામાં વિલંબ, ફી પેમેન્ટના પોર્ટલમાં મુશ્કેલી, ગર્લ્સ કોમન રૂમમાં પૂરતી સુવિધાઓનો અભાવ, ફેકલ્ટીમાં સ્વચ્છતા અને આરોગ્યના પ્રશ્નો તેમજ સેમેસ્ટર-1ના પરિણામમાં થયેલ વિલંબ જેવા ગંભીર મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા હતા. એબીવીપીના અધ્યક્ષ વેદ ત્રિવેદીએ જણાવ્યું કે આર્ટસ ફેકલ્ટીમાં વોશરૂમની સમસ્યા વારંવાર ઉઠે છે. ઉપરાંત સેશન અને લેક્ચર શરૂ થઈ ગયા છે, પરંતુ દૂરથી આવતા વિદ્યાર્થીઓનું ફી પેમેન્ટનું પોર્ટલ અને ફેકલ્ટી એપ્રુવલ હજુ શરૂ કરવામાં આવ્યું નથી. જેના કારણે વિદ્યાર્થીઓના લેક્ચર અને હોસ્ટેલમાં રહેવાની સુવિધા ખોરવાઈ રહી છે. યુનિવર્સિટી તંત્રને સાત દિવસમાં તમામ સમસ્યાઓનું નિરાકરણ લાવવા તાકીદ કરવામાં આવી છે. સાથે જ ફેકલ્ટી એપ્રુવલ માટે 2 દિવસની સમયમર્યાદા આપવામાં આવી છે. જો નિર્ધારિત સમયમાં કાર્યવાહી નહીં થાય તો વિદ્યાર્થી પરિષદ દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેવી ચેતવણી પણ આપવામાં આવી છે.

સતત માનસિક-શારીરિક ત્રાસ અપાતા ફરિયાદ નોંધાવી

પતિએ પત્નીને માર માર્યા બાદ વાળ ખેંચી જાહેરમાં ઢસડી

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૪ વડોદરા જિલ્લાના નંદેસરી વિસ્તારમાં પરિણીતાને પિયરેથી પરત લઈ જવાના બહાને આવેલા પતિએ જાહેરમાં ગાળો આપી માર માર્યો અને વાળ પકડીને ઘરની બહાર ઢસડવામા આવી હોવાનો ગંભીર આક્ષેપ કરાયો છે. મહિલાની બૂમાબૂમ સાંભળી સ્થાનિક લોકો દોડી આવતા આરોપી ફરાર થઈ ગયો હતો.

નંદેસરી રેલવે ફાટક નજીક રહેતી બિનાબેન જયપાલસિંહ પઢીયારે નંદેસરી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ તેમના લગ્ન વર્ષ 2022માં ભરૂચ જિલ્લાના કારેલી ગામના જયપાલસિંહ મહેશભાઈ પઢીયાર સાથે થયા હતા. લગ્નજીવન દરમિયાન તેમને એક દીકરીનો જન્મ થયો હતો. ફરિયાદમાં જણાવ્યા મુજબ પતિને દીકરાની ઈચ્છા હોવાથી દીકરીના જન્મ બાદ તેમની અવગણના કરવામાં આવતી હતી. તેમને લેવા પણ આવતા નહોતા અને પરિવારજનોના સમજાવટ બાદ તેઓ ફરી સાસરીએ ગયા હતા. જોકે, ત્યાં પણ ઘરકામ જેવી નાની-નાની બાબતોને લઈને પતિ વારંવાર ઝઘડો કરી ગાળો આપતા અને માનસિક તેમજ શારીરિક ત્રાસ આપતા હોવાનો ઉલ્લેખ કરાયો છે. તાજેતરમાં પિતા બીમાર હોવાથી બિનાબેન પિયર આવ્યા હતા. આ દરમિયાન પતિ સતત ફોન કરી ઘરે પરત આવવા દબાણ કરતા અને અપશબ્દો બોલાવતા હતા. ત્યારબાદ 13 જુલાઈની સાંજે પતિ નંદેસરી ખાતે પિયર પર પહોંચ્યા હતા અને ગાળો આપી ત્રણથી ચાર લાફા માર્યા હતા. બિનાબેનની બૂમાબૂમ સાંભળી આસપાસના લોકો દોડી આવતા આરોપી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ 112 ઈમરજન્સી સેવાને કરવામાં આવતા પોલીસ સ્થળ પર પહોંચી હતી. ત્યારબાદ પીડિતા પોતાના માતા-પિતા સાથે નંદેસરી પોલીસ સ્ટેશન પહોંચી પતિ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.